અપીલ અરજી નં.૪૧ તા.૫–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૩૧–૩–૧૦ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ પ્લોટ નં.૭૬/૭૭ વાળી જગ્યા પર ચાલતા નવા બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૫–૧૦ ની **SMC/FAP/** નં.૪૧/૨૦૧૦–૧૧

શ્રી ગુલામભાઈ મેમણની તા.૩૧–૩–૧૦ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ પ્લોટ નં.૭૬/૭૭ વાળી જગ્યા પર ચાલતા નવા બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૨૧૮ તા.૧૭–૫–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં પક્ષકાર જાહેર માહિતી અધિકારી જણાવેલ ન હોઈ આ સાથે સામેલ નિયત અપીલ ફોર્મ ભરી મોકલી આપવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર અધિકારી તથા અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૩૧–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને કરવામાં આવેલ. જેમાં(૧) સદર જગ્યા પર ચાલતા નવા બાંધકામનું પ્લાન પાસ થયું છે. (૨) સદર જગ્યા પર ચાલતા નવા બાધંકામનું પ્લાન પાસ થયું ના હોય તો ચાલત) બાંધકામ અટકાવી અને ડીમોલીશન કેમ કરવામાં આવતું નથી. (૩) સદર બાંધકામવાળી જગ્યાની બાજુમાંથી આવવા જવા માટેની જાહેર ગલી છે જે ગલીની જગ્યા કેટલી બાંધકામમાં સમાવેશ થાય છે. જેની માહિતી. (૪) સદર બાંધકામમાં કેટલા સ્લેબ સુધીનું બાંધકામ થયું છે જેની માહિતી . (૫) સદર બાંધકામ ગેરકાયદેસર હોય તો તેને કેમ તોડી પાડવામાં આવતું નથી. (૬) સદર બાંધકામ ગેરકાયદેસર થઈ રહયું હોઈ તો તેને રોકવા માટે જુની. ઈજનેરશ્રીના સંમતિથી થાય છે.?(૭) સદર બાંધકામ ગેર કાયદેસર ચાલી રહયું છે જે બાબતની ખબર હમો અરજદારે આરટીઆઈ મારફત કરી હોવા છતાં જુની. ઈજનેરે કેટલી વીઝીટ લીધી છે તેમજ કેવા પગલા લીધા છે જેની માહિતી. (૮) સદર ગેરકાદેસર બાંધકામમાં ખાતા ધ્વારા સંમતિ છે જેની માહિતી આપશો. તેવી માહિતીની માંગણી કરેલ છે. જે બાબતે સમય મર્યાદામાં માહિતી મળી નથી અને જવાબદાર અધિકારી સામે પગલા ભરવાની રજૂઆત કરતી તા.૫–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળઅરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,